# Day to Day Current Affairs

**26.Dec 2015**

## ૧. વડાપ્રધાન મોદી વિદેશ પ્રવસ :

- રશિયા :
- તાજેતરમાં વડાપ્રધન નરેન્દ્ર મોદી રશિયાની બે દિવસીય મુલાકાતે ગયા જ્યાં વડાપ્રધાન મોદી અને રશિયન પ્રમુખ પુતિન વચ્ચે 16 મી શિખર મંત્રાણા થઈ.
- આ પ્રવાસ દરમિયાન ભારત – રશિયા વચ્ચે વિવિધ 16 કરાર થયા જેમા પરમાણુ પ્લાન્ટની સ્થાપના, સોલાર એનર્જી પ્લાન્ટ તેમજ કામોવ – 226 હેલિકોટરના ઉત્પાદનમા6 સહકાર વગેરેનો સમાવેશ થાય છે.
- બંનેદેશો વચ્ચેનો વાર્ષિક વ્યાપાર આગામી દશ કરવા સંમતિ સધાઇ છે.
- આ પ્રવાસ દરમિયાન રશિયન પ્રમુખ વ્હાલ્દીમીર પુતિને વડાપ્રધાન મોદીને મહાત્મા ગાંધીની ડાયરીનું એક પાનું ભેટમાં આપ્યુ હતું. આ પેજ ગાંધીજીના હાથે લખાયેલુ છે.
- તેમજ બંગાળપ્રાંતની 18મી સદીની ભારતીય તલવાર પન ભેટમાં આપી હતી.
- વડાપ્રધાનની રશિયા મુલાકાત પહેલા જ ભારતે રશિયા પાસેથી એસ-400 મિસાઈલ ખરીદવાનો નિર્ણય લીધો હતો જેની કુલ કિંમત 40 હજાર કરોડ હશે.
- આ એસ-400 મિસાઈલ 400 કિ.મી દૂર સુધી મિસાઈલ અને એરક્રાફટને તોડી પાડવા સક્ષમ છે.
- અફઘાનિસ્તાન :
- રશિયાના પ્રવાસ બાદ વડાપ્રધાન અફઘાનિસ્તાન પહોચ્યા હતાં
- અફઘાનિસ્તાનના એક દિવસીય પ્રવાસે પહોંચેલા વડાપ્રધાન મોદીએ રાજધાની કાબુલ ખાતે ભારતની મદદથી બનાવવામાં આવેલા અફઘાન સંસદના નવા ભવનનું ઉદઘાટન કર્યુ હતું.
- પીએમ મોદીએ અફઘાન સંસદના નવા ભવનનું ઉદઘાટન કરવા સાથે જ સંસદના પરિસરમા6 આવેલા ભારતના પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહરી વાજપેયીના નામના ‘અટલ બ્લોક’ નું ઉદઘાટન કર્યુ હતું.
- અફઘાનિસ્તાન પ્રમુખ – અસરફ ગની.
- પાકિસ્તાન :
- અફઘાનિસ્તાનની મુલાકાત બાદ વડાપ્રધાન મોદી પાકિસ્તાન પહોંચ્યા હતા જ્યાં માત્ર બે કલાક રોકયા બાદ ભારત પરત ફર્યા હતા.

## ૨. સાધના શિવદાસાની :

- 1960ના દાયકાની પ્રખ્યાત અભિનેત્રી સાધના શિવદાસાનીનું અવસાન.
- સાધનાનો જન્મ 2 સપ્ટેમ્બર, 1941માં અખંડ ભારતના કરાંચીમાં થયો હતો.
- તેણે અનેક સસ્પેન્સ ફિલ્મોમાં કામ કર્યું હોવાથી એ ‘સસ્પેનન્સ ગર્લ’ તરીકે પણ ઓળખાતી હતી.
- તેના સમયમાં ‘સાધનાકટ’ હેરસ્ટાઈલ પણ બહુ ફેમસ થઈ હતી.
- 1958માં આવેલા ‘અબાના’નામની સિંધી ફિલ્મ તેની પ્રથમ ફિલ્મ હતી.

## 3. મિસ યુનિવર્સ – 2015 :

- વિજેતા : પિયા એલોન્ઝો – ફિલિપાઈન્સ.
- રનર્સ અપ : અરિયાડના ગુટિયારેઝ. કોલંબીયા
- અમેરિકાના લાસ વેગાસમાં આ સ્પાર્ધાનું આયોજન થયું હતું.
- ભારત તરફથી આ સ્પાર્ધામાં અભિનેત્રી ઉર્વશી રૌતલાએ ભાગ લીધો હતો.

### પ્રશ્નો

1. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ડિસેમ્બર, 2015મં ક્યાં ત્રણ દેશના પ્રવાસે ગયા હતા? – રશિયા, અફઘાનિસ્તાન, પાકિસ્તાન.
2. ભારત – રશિયા વચ્ચે ક્યાં હેલિકોપ્ટરના ઉત્પાદન માટે સહકારના કરાર થયા? – કામોવ – 226.
3. ભારત – રશિયા વચ્ચે કેટલા કરાર થયા? – 16
4. રશિયન પ્રમુખ પુતિને વડાપ્રધાન મોદીનું શું ભેટમાં આપ્યુ? – મહાત્મા ગાંધીની ડાયરીનું એક પાનુ અને 18મી સદીની ભારતીય તલવાર.
5. વડાપ્રધાન મોદીની રશિયાની મુલાકાત પહેલા ભારત સરકારે રશિયા પાસેથી કઈ મિસાઈલ ખરીદવાનો નિર્ણય કર્યો? – એસ-400.
6. અફઘાનિસ્તાન ખાતે વડાપ્રધાન મોદીએ અફઘાન સંસદમાં ક્યાં બ્લોકનું ઉદઘાટન કર્યુ? – ‘અટલ બ્લોક’
7. તાજેતરમાં ‘સસ્પેન્સ ગર્લ’ તરીકે જાણીતી 1960 ના દાયકાની કઈ પ્રખ્યાત અભિનેત્રીનું અવસાન થયુ? – સાધના શિવદાસાની.
8. સાધના શિવદાસાનીની પ્રથમ ફિલ્મ જણાવો.- અબાના.
9. મિસ યુનિવર્સ – 2015.....? પિયા એલોન્ઝો (ફિલિપીન્સ)
10. મિસ યુનિવર્સ – 2015નું આયોજન ક્યાં થયું હતું? – લાસ વેગાસ (અમેરિકા)
11. મિસ યુનિવર્સ – 2015માં ભારત તરફથી કઇ અભિનેત્રીએ ભાગ લીધો હતો? – ઉર્વશી રૌતલા.

Vivekanand Academy, Gandhinagar